# પદવીદાન સમારંભોની પરિધાન પ્રથા ક્યારે બદલાશે

**સીલ્ક અને સાટીનના ચળકતા રંગો સાથેના ઝોલા કે ઝબલાં જેવા ડ્રેસ અંગ્રેજોની દેન : ભારતીય પરંપરા મુજબના વસ્ત્રો પહેરવાથી સમગ્ર સમારંભની આભા વધશે જ..!**

નીયોન, મીજન્ટા, ડાર્ક ઓરેન્જ, વાયોલેટ જેવા ભડકાઉ રંગના કપડાં આપણે સર્કસમાં બહુ જોયા... એંશીના દાયકાની ફેશનમાં પણ આવા રંગના કપડાંનો ટ્રેન્ડ જોવા મળ્યો હતો. આજકાલના કેટલાક યુવાનો 'કુલ' દેખાવવા માટે ક્યારેક ક્યારેક આવા નીતનવા પરિધાન પહેરી લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે. પચરંગી કહી શકાય તેવા પરિધાનનુ પુરાણ એટલે માંડવુ પડ્યુ કે હમણાં જ શહેરની નજીક આવેલી એક જાણીતી યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં મોટા મોટા પ્રધાનો, ઉદ્યોગપતિઓ અને મહાનુભાવો આવા વસ્ત્રો પહેરીને બેઠેલા જોવા મળ્યા. પદવીદાન સમારંભોમાં આવા રંગબેરંગી ગાઉન જેવા વસ્ત્રો પહેરી પદવી આપવી અને લેવી એ આગે સે ચલી આતી હૈ જેવી

## ટાઈમ પ્લીઝ

એક પરંપરા બની ગઈ છે. સોફેસ્ટેકેટેડ કોટ-પેન્ટ કે પેન્ટ-શર્ટ પહેરવાના બદલે આવા ઝોલા જેવા કે સર્કસના જોકર જેવા ગાઉન કોન્વોકેશન સમયે પહેરવા એ અંગ્રેજોના સમયથી ચાલી આવતી પરંપરા છે.

ગાઉનના નામે ઓળખાતા આવા વસ્ત્રો માત્ર ડિગ્રી લેનાર વિદ્યાર્થીઓ જ નહી પરંતુ ડીગ્રી આપનારા મહાનુભાવો પણ હોંશે હોંશે પહેરે છે. મધ્ય યુરોપની શૈક્ષણિક સંસ્થાઓ અને ત્યારબાદ અમેરિકાની જાણીતી યુનિવર્સિટીઓ ઓક્સફોર્ડ અને કેબ્રિજમાં ડીગ્રીની પ્રાપ્તિ સમયે આવા ગોડાઉન કે 'રોબ'ના નામે ઓળખાય છે તે પહેરવાનુ મહત્વ હતુ. બે સદી સુધી અંગ્રેજોની ગુલામીમાં રહેલા ભારત સહિતના અન્ય દેશોમાં પણ આ પરંપરા ચાલુ થઈ. ડિગ્રી પ્રાપ્તિના દિવસને ખાસ બનાવવા માટે આ ગાઉન પહેરવામાં આવે છે. નવાઈની વાત તો એ છે કે અનેક પરિવર્તનો આવ્યા પરંતુ મધ્યયુગની શૈક્ષણિક સંસ્થાઓમાં પહેરાતા ગાઉનની ડિઝાઈન કોઈ ખાસ ફેરફાર વગર 'જૈસે થે' રહી છે.

ચળકતા સીલ્ક કે સાટીનના ગાઉન ભારત જેવા ઉષ્ણ આબોહવા ધરાવતા દેશોમાં પહેરવામાં આવે તે ખરેખર હાસ્યાસ્પદ લાગે છે. વળી આવા ઝોલા જેવા ગાઉન હવે ફક્ત સર્કસમાં જોવા મળે છે. અંગ્રેજો ગયા પરંતુ તેમની ગુલામીની માનસિકતા હજુ સુધી ગઈ નથી તેનો આ દેખીતો પુરાવો છે.

થોડાક સમય અગાઉ યુજીસીએ એવુ જાહેર કર્યુ હતુ કે કોન્વોકેશન સમયે હવે ગાઉનના બદલે ભારતીય પરંપરાગત વસ્ત્રો પહેરવામાં આવે. કેટલાક રાજ્યોની યુનિવર્સિટીઓમાં તેનુ અમલીકરણ પણ થયુ છે પરંતુ દેશમાં હજુ એવી ઘણી શૈક્ષણિક સંસ્થાઓ છે જ્યાં 'ગાઉન' કે 'રોબ'ની પરંપરા ચાલે છે. ન્યાયાધિશોની શપથવિધિ વખતે પણ આવા ગાઉન પહેરાયેલા જોવા મળ્યા છે પરંતુ તે એકદમ ફેન્સ નહી પરંતુ કાળા કલરના હોય છે જે આંખોને સહય લાગે છે.

વર્ષો જુની આ માનસિકતાને બદલી હવે કોન્વોકેશન સમયે પરંપરાગત વસ્ત્રોના ડ્રેસકોડને લાગુ કરવો જોઈએ. ભારતીય મહિલાઓ સાડીમાં જેટલી સુંદર લાગે છે તેટલી સુંદર અન્ય કોઈ પરિધાનમાં લાગતી નથી. પુરૂષો કુર્તો-પાયજામો પહેરી શકે અથવા તો બ્લેઝર કે કોટ પહેરી શકે. દેશમાં ઘણો બધો બદલાવ આવી રહ્યો છે ત્યારે આ નાનકડો બદલાવ પદવીદાન સમારંભોની ગરિમા વધારશે તે ચોક્કસ છે.



નિયમોની ઐસી તૈસી... : સમગ્ર રાજ્યના નિયમો જ્યાં ઘડાય છે અને જ્યાંથી સંચાલન થાય છે તે પાટનગર ગાંધીનગરની મહાનગરપાલિકા અને કલેક્ટર કચેરી પાસે પાર્કિંગના નિયમોની કોઈ પરવા કરતું નથી. રોજે રોજ આડેધડ પાર્કિંગ કરીને નીતિ-નિયમોના લીરેલીરા ઉડાડતા હોય એમ મહાનુભાવો પોત-પોતાની ગાડીઓ પાર્ક કરે છે. રાજ્ય સરકારે ૧૬મીથી ટ્રાફીક અને પાર્કિંગના નિયમો કડક બનાવવાની જાહેરાત કરી છે ત્યારે શરૂઆત ગાંધીનગરથી જ કરવી પડશે અને તે પણ જિલ્લા સેવા સદન અને મહાનગર સેવા સદનથી કરવાની ફરજ પડશે એમ આ તસવીર દર્શાવે છે...

# ભાદરવો ભરપુર : શહેરમાં સિઝનનો ૯૦ ટકા વરસાદ

**અત્યાર સુધી સિઝનનો ૬૭૯.૫ મી.મી. વરસાદ નોંધાયો : વરસાદે વિરામ લેતા નગરજનોને હાશકારો : વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો યથાવત**

ગાંધીનગર તા ૧૧

ચોમાસાની સિઝનમાં આ વર્ષે ભાદરવો ભરપુર હોય તેવી સ્થિતિ સ્પષ્ટ થઈ છે. અષાઢમાં મેઘ ગાજયા પણ નહી અને વરસ્યા પણ નહી તેવી સ્થિતિના અંતે વરસાદ સૌ કોઈ માટે ચિંતાનો વિષય બની ગયો હતો. પરંતુ શ્રાવણના સરવરિયા અને ઝરમરિયા વરસાદના અંતે ભાદરવાના પ્રારંભથી મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે. છેલ્લા ત્રણ ચાર દિવસમાં જ સાત થી આઠ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. દરવર્ષના સરેરાશ વરસાદની સાપેક્ષમાં શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૯૦ ટકા વરસાદ થઈ ગયો છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૬૭૯.૫ મી મી વરસાદ નોંધાયો છે. આજે વરસાદે વિરામ લેતા નગરજનોએ પણ હાંશકારો અનુભવયો છે.

ગાંધીનગર શહેરમાં વરસાદે આજે વિરામ લીધો હતો. ગઈકાલે બે તબક્કામાં ધમધમાટ ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે આજે વરસાદે વિરામ લેતા નગરજનોએ પણ રાહત અનુભવી હતી. છેલ્લા બે ત્રણ દિવસથી સતત વરસાદી વાતાવરણના લીધે નગરનુ જનજીવન પણ અત્યંત પ્રભાવિત થયુ છે. સેકટરોમાં હજુ પણ કેટલાક ઠેકાણે વરસાદી પાણી ઓસર્યા નથી. કાદવ કીચ્ચડ વચ્ચે ગંદકીની સમસ્યા પણ જટીલ બની છે. જયારે સેકટરોમાં વરસાદી સમસ્યા પણ વિકરાળ બનતી જાય છે. ચોમાસાના પ્રારંભે વરસાદી સિઝન નબળી રહી હતી. અષાઢ મહીનો આખો કોરો જતા વરસાદ સૌ કોઈ માટે ચિંતાનો વિષય બની ગયો હતો. પરંતુ શ્રાવણના પ્રારંભથી ધીમે ધીમે મેઘરાજા મુડમાં આવતા વરસાદી માહોલ જામ્યો હતો. અષાઢમાં અંબર ગાજયા પણ નહી અને વરસ્યા પણ નહી તેવી સ્થિતિ વચ્ચે ખેડુતોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા હતા. જયારે શ્રાવણ મહીનામાં પણ સરવરિયા વરસાવતા મેઘરાજા એકાદ રાઉન્ડમાં ભારે વરસાદ વરસાવતા ખેડુતોની ચિંતા પણ હળવી થઈ હતી. જયારે ભાદરવો પણ છેલ્લા ત્રણ ચાર દિવસથી ભરપુર વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. આજે વરસાદે વિરામ લેતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. ગાંધીનગરમાં સરેરાશ વરસાદ ૩૦ ઈંચ જેટલો નોંધાય છે. જયારે આ વર્ષે અત્યાર સુધી સિઝનનો શહેરમાં ૬૭૯.૫ મી મી વરસાદ નોંધાયો છે. અલબત્ત શહેરમાં સિઝનનો ૯૦ ટકા વરસાદ થઈ ગયો છે. જો કે હજુ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો યથાવત રહેતા આગામી દિવસોમાં મેઘરાજા ફરી મહેરબાન થાય તેવી સંભાવના પણ પ્રબળ છે.

# પંચાયત અને વ્યવસાય વેરાની નબળી વસુલાતને પગલે ૧૩ તલાટીને નોટીસ

**આ તલાટીઓ દ્વારા ૨૦ ટકાથી પણ નીચી વસુલાત થતાં તંત્રએ નોટીસ આપી ૩ દિવસમાં ખુલાસો માંગ્યો**

ગાંધીનગર, તા. ૧૧

સંપન્ન થયેલા મહેસુલી વર્ષ દરમ્યાન પંચાયત વેરા તેમજ વ્યવસાયવેરાની નબળી વસુલાત કરવા બદલ ગાંધીનગર તાલુકાના ૧૩ થી વધુ તલાટીઓને નોટીસ આપી તેમનો ખુલાસો દિન-૩માં કરવા જણાવાયુ છે.

નબળી વેરા વસુલાતને લઈ જિલ્લાતંત્રએ પણ આવા તલાટીઓને અલગ તારવી અને જિલ્લાકક્ષાએ તેની દરખાસ્ત મોકલવા માટે તાકીદ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકા પંચાયતમાં ૧૩ થી વધુ તલાટીઓને નોટીસ આપી ખુલાસો માંગવામાં આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. એવુ પણ જાણવા મળેલ છે કે આ તલાટીઓએ ૨૦ ટકાથી પણ નીચી વસુલાત કરી હતી અને તેથી તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે.

વેરા વસુલાત પર પુરતુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેટલુ જ નહિ આ અંગે અલાયદો રોડમેપ તૈયાર કરી વસુલી થાય તેવી વારંવારની સૂચનાઓ મૌખિક અને લેખિતમાં અપાયા પછી નબળી વસુલાતથી ચોંકી ઉઠેલા તંત્રએ આ નોટીસો ફટકારી છે.

તાલુકા પંચાયત દ્વારા આ અંગેની જાણ જિલ્લાકક્ષાએ પણ કરવામાં આવી છે. અન્ય તાલુકાઓમાંથી આવી કામગીરી કરી હોય તો તાત્કાલિક તેની જાણ કરવાની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તમામ તાલુકાઓમાંથી આ દરખાસ્તો મળી ગયા બાદ જિલ્લાકક્ષાએથી આકરા શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે. જિલ્લામાં સંપન્ન થયેલા મહેસુલી વર્ષમાં વેરા વસુલી નબળી રહી હોવાથી તમામ અધિકારીઓમાં નિરાશા જોવા મળી રહી છે.

# આજે કુપોષણ મુક્તિ અભિયાનમાં જિલ્લાની કામગીરીની સમીક્ષા થશે

ગાંધીનગર, તા. ૧૧

નીતિ આયોગના માર્ગદર્શન મુજબ કુપોષણ મુક્ત રાષ્ટ્ર અંગેની સર્વગ્રાહી જિલ્લા કક્ષાની કામગીરી માટે આજે સમીક્ષા બેઠક જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મળશે.

જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન જે ચાલી રહ્યુ છે તેની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવનાર છે. આ બેઠકમાં આરોગ્યતંત્ર દ્વારા જે કુપોષિત બાળકોને સેમ અને મેમ કેટેગરીમાં અલગ તારવવામાં આવ્યા છે તેમને સીએચટીસી સેન્ટરમાં દાખલ કરવામાં તંત્રની ઉદાસીનતાનો મુદ્દો પણ ચર્ચામાં આવશે.

તાજેતરમાં માણસા તાલુકામાં આવી નબળી કામગીરીની વિગતો અખબારોના પાને અહેવાલ સ્વરૂપે ચમકી હતી. આ પછી તંત્રએ તે મુદ્દે આખુ અભિયાન હાથ ધરવાની રણનીતિ તૈયાર કરી હતી જે નોંધનીય છે.

જિલ્લામાં કુપોષણ મુક્તિ માટે પ્રિ.મિક્સ આપવાની યોજના સહિત અન્ય કાર્યક્રમો પણ અમલમાં મુકવામાં આવેલ છે આ બધી જ બાબતોને લઈ આ બેઠકમાં સમીક્ષા થશે.

મળતી વિગતો મુજબ ૨૦૨૨ સુધીમાં કુપોષણ મુક્તિ અભિયાન અંગે નીતિ આયોગ સ્પષ્ટ છે અને તેને કેટલાક માપદંડ પણ નિયત કરી આપ્યા છે. આ માપદંડ મુજબ જિલ્લામાં થયેલ કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવશે.

જિલ્લામાં ૪ હજારથી વધુ બાળકો કુપોષણથી પિડીત હોવાનુ બહાર આવ્યું છે. આ ઉપરાંત જિલ્લામાં સ્ટંટેડ બાળકોની ટકાવારી રાજ્યમાં સરેરાશ કરતાં પણ ગાંધીનગરમાં વધુ હોવાને લઈ આ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન માટે બાળકો દત્તક લેવાનો પણ એક પ્રોજેક્ટ કલેક્ટરશ્રીએ જાતે તૈયાર કર્યો હતો તેની પણ સમીક્ષા થશે તેમ મનાઈ રહ્યું છે.

# અંબાજી રૂટમાં આજથી રોજ ૨૫ બસો દોડતા શહેરી બસ સેવા પ્રભાવિત થશે

**ભાદરવી પુનમ સુધી છેલ્લા ત્રણ દિવસ ગાંધીનગર ડેપોની રોજ ૨૫ જેટલી બસો દોડશે**

ગાંધીનગર તા ૧૧

ભાદરવી પુનમ નિમિત્તે ગાંધીનગર ડેપો દ્વારા અંબાજી રૂટમાં વધારાની બસો દોડાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અગિયારસથી પુનમ સુધી રોજ ૭૦ થી ૧૦૦ જેટલી બસો દોડવાનુ આયોજન કરાયુ છે. જયારે આવતીકાલથી છેલ્લા ત્રણ દિવસ રોજ ૨૫ જેટલી બસો અંબાજી રૂટમાં દોડાવાશે. જેના લીધે શહેરી બસ સેવાના ૭૫ જેટલા રૂટ પણ ખોરવાશે. શહેરી બસ સેવાના મુસાફરોને હાલાકી વેઠવી પડશે.

ભાદરવી પુનમ નિમિત્તે અંબાજીમાં ભાવિકોનુ ઘોડાપુર ઉમટશે. હાલ પણ અંબાજી રૂટમાં પગપાળા જતા પદયાત્રિઓની સંખ્યા વિશેષ છે. જો કે ગાંધીનગર રૂટમાંથી મોટાભાગના પદયાત્રીઓ પસાર થઈ ચુક્યા હોવાથી હાલ સેવા કેન્દ્રો પણ આટોપી લેવાયા છે. દર વર્ષે અંબાજી જતા પદયાત્રિકો માટે સેવા કેન્દ્રો ધમધમતા નજરે પડે છે. જયારે આ વર્ષે પણ સેવા કેન્દ્રો કાર્યરત હતા. મનમાં અતુટ શ્રધ્ધા અને પગમાં જોમ સાથે પગપાળા જતા ભાવિકોની શ્રધ્ધા ભકિતને સલામ કરવા પણ અનેક સંસ્થાઓ અને સેવાભાવી આગેવાનો કામે લાગે છે. અંબાજી જતા પદયાત્રિકો માટે સેવા કેન્દ્રોની સાથે ખાસ વાહન વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવે છે. પદયાત્રિકો માટે દરવર્ષે અંબાજી રૂટમાં ખાસ બસ સેવા દોડાવામાં આવે છે. ગત વર્ષોની જેમ આ વર્ષે પણ અગિયારસથી પુનમ સુધી રોજ બરોજ ૨૦ જેટલી બસો દોડાવાનુ આયોજન એસ ટી તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે.

આ વર્ષે પણ આ મુજબ અંબાજી રૂટમાં એસ ટી ની બસો દોડી રહી છે. જેમાં છેલ્લા ત્રણ દિવસ વધારાની ૨૫ જેટલી બસો દોડવાશે . ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા આ વધારાની બસો અંબાજી તરફના રૂટમાં દોડાવાતા ગાંધીનગર અમદાવાદા વચ્ચે શહેરી બસ સેવાને અસર પડશે. જેના લીધે ગાંધીનગર અમદાવાદના રૂટમાં દોડતી રોજની ૫૦ થી વધુ ટ્રીપો પ્રભાવિત થશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા નોકરીયાત તેમજ વિદ્યાર્થીઓને સમયસર બસ નહીં મળે ગાંધીનગર અમદાવાદ વચ્ચે પોઈન્ટની બસ સેવા ઉપરાંત અન્ય રૂટની બસો પણ રૂટમાં દોડે છે. ત્યારે શહેરી બસ સેવા અન્વયે અપડાઉન કરનારાઓની સંખ્યા પણ વિશેષ છે.

# સેકટરોમાં ચાર દાયકા જુના સ્ટ્રીટ લાઈટના થાંભલા પર બે ફુટ માટીના થર

**વરસાદી પાણી પણ થાંભલામાં ઉતરે છે : અંધારુ ઉલેચવામાં નિષ્ફળ એલ.ઇ.ડી. પ્રોજેક્ટના અંતે જોખમી સ્થિતિ**

ગાંધીનગર તા ૧૧

સ્માર્ટ ગાંધીનગરમાં દાયકાઓ જુના વિજથાંભલા પર બે ફુટ જેટલા માટીના થર જામી ગયા છે. કેટલાક ઠેકાણે ખુલ્લા અને જોખમી વિજથાંભલા ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. સ્ટ્રીટ લાઈટના થાંભલામાં વરસાદી પાણી ઉતરતા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના સંખ્યાબંધ થાંભલા બંધ હાલતમાં છે. જુના અને જોખમી થાંભલા બદલવા માટે પણ કોઈ આયોજન થતુ નથી.

ગાંધીનગરમાં દાયકાઓ જુના વિજથાંભલાઓ પૈકી મોટાભાગના સેકટરોમાં છાશવારે બંધ થઈ જાય છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સ બંધ રહેતા શેરીઓમાં તેમજ રીંગ રોડ પર અંધારુ છવાયેલુ જોવા મળે છે. વરસાદી દિવસોની શરૂઆતથી જ શહેરમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યા પેચીદી બની છે. સેકટરોમાં વરસાદી છાંટણા સાથે જ સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ થતા સાંજ ઢળતા જ સેકટરમાં અંધારાનુ સામ્રાજય જોવા મળે છે. બીજીતરફ સેકટરોમાં કંગાળ અને કટાયેલા સ્ટ્રીટ લાઈટના થાંભલા દાયકાઓ જુના હોવાથી ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. શહેરમાં સ્ટ્રીટ લાઈટના અંદાજિત ૧૮ હજાર જેટલા થાંભલા છે. જયારે છેલ્લા કેટલાક વર્ષોથી સ્ટ્રીટ લાઈટના થાંભલામાં એલ ઈ ડી લાઈટ મુકવામાં આવી છે. પરંતુ હાલ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાની હાલત જ અત્યંત કંગાળ છે. સ્ટ્રીટ લાઈટના થાંભલાની ઉપર એકાદ ફુટ માટીની થર ચડી ગયા છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓમાં પાણી ઉતરતા મોટાભાગના પોલ્સ બંધ થઈ જાય છે. સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓ અને રીંગ રોડ પર અંધારુ છવાઈ જાય છે. શહેરમાં ચાર દાયકા જુના સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણીનુ કામ પણ યોગ્ય રીતે થતુ નથી. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામના અભાવે કાટ લાગી ગયો છે. કેટલાક ઠેકાણે લાઈટીંગ પોલ્સ ખુલ્લી અને ભયજનક હાલતમાં છે. જેના લીધે ગમે ત્યારે અકસ્માત થાય તેવી દહેશત છે. દાયકાઓના અંતે પણ સેકટરોમાં નવા થાંભાલા મુકાયા નથી. જુના અને જોખમી સ્ટ્રીટ લાઈટના પોલ્સ અજવાળુ આપતા નથી ઉપરાંત આમ નાગરિકો માટે જોખમી પુરવાર થઈ રહ્યા છે. શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયા બાદ સેકટરોમાં કંગાળ જોવા મળતા લાઈટીંગ પોલ્સને યોગ્ય કરવા માટે કોઈ પગલા લેવાતા નથી. બીજીતરફ સ્માર્ટ પોલ્સ કેટલાક ઠેકાણે મુકીને સબ સલામત અને સ્માર્ટ હોવાનુ માનતા તંત્રને સેકટરોના આંતરિક માર્ગો પરના બિહામણાં દ્રશ્યો દેખાતા નથી. હાલ વરસાદી દિવસોમાં અનેક સમસ્યાઓથી ઘેરાયેલા સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટ પણ જટીલ સમસ્યા છે.

# સાત બેઠકોની પેટા ચૂંટણીની ઘોષણા આ સપ્તાહના અંત સુધીમાં થઈ જશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી સાત બેઠકોની પેટા ચૂંટણી નવરાત્રિ પછી તુરત જ યોજાશે અને આ અંગેની વિધિવત ઘોષણા ચૂંટણી પંચ દ્વારા આ સપ્તાહના અંતમાં અથવા તો આગામી સપ્તાહના આરંભે કરી દેવામાં આવશે.

વિધાનસભાની ખાલી પડેલી સાત બેઠકોમાં મોરવા હડફ, લુણાવાડા, થરાદ, ખેરાલુ, અમરાઈવાડી, બાયડ અને રાધનપુર બેઠકનો સમાવેશ થાય છે.

આ સાત બેઠકોની પેટા ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસે તેની તૈયારીઓ આરંભી દીધી છે. ભાજપે આ ચૂંટણી માટે સાત મંત્રીઓ અને સાત સંગઠનના આગેવાનોને જવાબદારી પણ સોંપી દીધી છે.

મોરવા હડફ માટે સંગઠનમાંથી શબ્દશરણ બ્રહ્મભટ્ટ તો સરકારમાંથી ગણપતસિંહ વસાવા, લુણાવાડા બેઠક માટે ભરતસિંહ પરમાર તો સરકારમાંથી જયદ્રથસિંહ પરમાર, થરાદ બેઠક માટે દુષ્યંત પંડ્યા અને ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ખેરાલુ બેઠક માટે જગદીશ પટેલ અને નીતિન પટેલ, અમરાઈવાડી બેઠક

● અનુસંધાન પાના - ૭ પર

# મનપા દ્વારા ૪૦૦ કિલો પ્લાસ્ટીક જપ્ત કરાયુ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરને પ્લાસ્ટીક મુક્ત બનાવવાના ભાગરૂપે આજે એક ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ઈન્ફોસીટી, સે. ૧૧, સે. ૨૪, સે. ૬, સે. ૨૧માં મનપાની ટીમો ત્રાટકી હતી અને વિવિધ દુકાનો, લારીઓમાંથી ૪૦૦ કિલો જેટલુ પ્લાસ્ટીક જપ્ત કર્યુ હતુ અને વેપારીઓ પાસેથી ૩૬ હજારથી વધુનો દંડ વસુલવામાં આવેલ છે.

મનપાએ પ્લાસ્ટીક મુક્ત નગર બનાવવા માટે નિયમો બનાવ્યા પછી આજે પ્રથમવાર આ પ્રકારની ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ આ અભિયાન ચાલુ રખાશે તેમ મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળેલ છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com